સુબોધસ્તવન કુસુમાવલિ.

રચનાર

શા. બાલચંદ હિરાચંદ,

ચાંદરડવાળા.

પ્રસિદ્ધ કરનાર,

શ્રી આનંદવિજય જૈનશાળા એવલા.

મુંબઈ "નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું.

કિંમત રૂ. ૦-૬-૦.

સુબોધસ્તવન કુસુમાવલિ.

રચનાર

શા. બાલચંદ હિરાચંદ,

ચાંદવડવાળા.

પ્રસિદ્ધ કરનાર,

શ્રી આનંદવિજય જૈનશાળા એવલા.

મુંબઈ "નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું.

મૂલ્ય ચાર આના.

શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વર.



જન્મ સં. ૧૮૯૩.　　નિર્વાણ સં. ૧૯૫૩.

સ્રગ્ધરા.

વિદ્યા વિજ્ઞાનમાં જે પ્રગુણ ગુણનિધી જે સદા શાંત મૂર્તિ,
દીપે શ્રી જૈનધર્મે રવિસમ વિમલા જેહની દીવ્ય કીર્તિ ।
ગ્રંથદ્ધારે સદા જે ભવિજન મનનાં પુષ્પગુચ્છો વિકાસે,
તે આપે શાંતિ આજે મુનિવર વિજયાનંદ સૂરિ પ્રકાશે. ૧

અર્પણપત્રિકા.

શેઠ સાકરચંદ ઉત્તમચંદ

ઍવલાવાળા

એઓને

તેઓની સ્વધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા અને જૈનધર્મની

તન મન ધનથી ઉન્નતિ કરવાની પ્રેમપૂર્વક

અભિલાષા વિગેરે સદ્ગુણોના ગૌરવ

માટે પરમાદરથી અર્પણ

કરિએ છીએ.

પ્રસ્તાવના.

હાલના કાળમાં ગાયન ઉપર લોકોનો શોખ વધતો જાય છે. તે સાથેજ ઘણી સ્તવનાવળિઓ પણ પ્રસિદ્ધ થતી જાય છે. પણ તેમાંની સ્તવનાવળિઓ જોતાં, ઘણી ખરી અશુદ્ધ, નઠારી અને વિસંગત જણાય છે, માટે શુદ્ધ ગુજરાતી ભાષામાં સારા વિચારો યુક્ત સ્તવનો અમોએ ઘણા પરિશ્રમથી શુદ્ધ અને બોધપર રચાવી પ્રસિદ્ધ કર્યાં છે. માટે સજ્જનોએ તેનો યોગ્ય ઉપયોગ કરી લેવો. એજ પ્રાર્થના. એવલા સંવત્ ૧૯૫૫.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી વીતરાગાય નમઃ

સુબોધસ્તવનકુસુમાવલિ

મંગલાચરણ.

૧

(રાગ—કલ્યાણ.)

સુમનદામ હું કરમાં ગ્રહી પ્રભુ !
આપ કંઠમાં ઠવું હું પ્રેમથી વિભુ ! ધ્રુ૦
વિવિધ વર્ણ અક્ષરકુસુમો હું ગુંથું ધરતો હેજ;
નાના રંગ વિચિત્ર કરીને માલ કરૂં અતિ તેજ ॥ સુ ॥ ૧
અલંકાર રસ સુરભિ રૂચિર તે રચના સુખકર છંદ;
એવી માલા જીનવર કંઠે ઠવતાં પ્રેમાનંદ ॥ સુ ॥ ૨
દમણો મરવો કેતકિ કુસુમો ગંધયુકત સુખકંદ;
પારિજાત મંદાર ચમેલી અતિ મનહર મનનંદ ॥ સુ ॥ ૩
વિજયાનંદતણો સેવક છે એવલા નગર મોઝાર;
એવંતી જીનરાજ ચરણમાં નિત્ય લાવે બહુ પ્યાર ॥ સુ ॥ ૪

૨

(વાહરે પ્રભુ સ્હાય ખરે—)

જય, જય, જય, જય સુખધામ નમો,
અજિત થયા પ્રભુ કર્મ વિજયથી; દીનદયાળ સુરેશ નમો.
જિનંદ જિનંદ મન નિત્ય રમો ॥ જય૦ ॥ ૧ ॥
અરિ દમન કર્યા, ભવ પાર તર્યા,

ભવ દોષ હર્યા કમલાજ વર્યા,
અરવિંદજ, ગંધજ, અકલપ્રમોદજ, તલ્લિન મત્તજ
ભૃંગ સમા જીનરાજ નમો ॥ જય સુખ૦ ॥ જય૦ ॥ ૨ ॥
તવ કાંતિ સુલોચન હેમસમી; ભવિ ચિત્ત પ્રમોદજ
ખૂબ ગમી.
તારોને વારોને, દોષ ઉગારોને જ્ઞાન વિચારી.
આનંદવિજયપદભૃંગ નમો ॥ જય સુખ૦ ॥ જય૦ ॥ ૩ ॥

૩

(આજ આ સમાજ વિષે—)

મધુર શ્રી જીનેન્દ્ર છંદ ઉદિત જે કવિન્દ્રના ॥
ગંધ મંદ પવનરચિત શાંતતા સુમોદના ॥ ધૃ૦ ॥
અષ્ટ દુષ્ટ નિત્ય વિઘ્ન સ્પષ્ટ જાલ મોહના ॥
પાસ! ખાસ દાસ આસ પૂર્ણ તે કરો મના ॥ ૧ ॥
કમલ વદન લલિત સુગુણ શ્રવણ મધુર પાસના ॥
વિમલ સલિલ અમૃત મિલિત વચન ભવિક કમલના ॥૨॥
જૈનધર્મ મુગુટમણી આત્મરામ ચરણના ॥
ભૃંગ કાવ્ય શ્રાવ્ય નિત્ય ગાય ભક્તિ પ્રેમના ॥ ૩ ॥

૪

લાવણી

સુણ પાસ દાસઅરદાસ મેહેર કર સ્વામિ ॥ મેહેર૦ ॥
એવલાવિભૂષણ અવિકલ અંતરજામી ॥ ધૃ૦ ॥
હે નાથ! ધરો મુજ હાથ, કરો મમ સાથ, જગતના
સ્વામી ॥ જગ૦ ॥
ચિન્મય સુખકારી તને નમું શિર નામી ॥ સુણ૦ ॥ ૧

આનંદ, મોક્ષ સુખકંદ, દૂર કર દંદ મુક્તિપથગામી
॥ મુક્તિ૦ ॥
તવગુણ ગાવા કિમ યોગ્ય મતી મુજ સ્વામી ॥ સુણ૦ ॥ ૨
સરસ્વતિ, બુદ્ધિ જસ અતિ, નહીં તસ ગતી, જાણવા
સ્વામી ॥ જાણ૦ ॥
આનંદવિજયના દાસ નમે શિર નામી ॥ મુણ૦ ॥ ૩
સંસાર, ગણી નિઃસાર, ધરી બહુ પ્યાર, ચરણપર સ્વા-
મી ॥ ચરણ૦ ॥
તવ બાલ નમે દિલ શરણ યોગ્ય તવ્ય જાણી ॥ સુણ૦ ॥ ૪

૫

(ઇંગ્રેજી વાજાની ચાલ)

સુરવર દિનકર અજિત જીનેશ્વર વીતરાગ જિન ચરણ
નમું ॥
અશુભ કર્મપુદ્ગલ પરિ હરતાં જ્ઞાન પ્રગટશે સૂર્ય સમું ॥
કર્મગણ વિષે, વિજય પામતા, નામ તેહથી, અજિત
આપતા.
મદગિરી બહુ, મોટકા હતા; વિનયવજાથી ચૂર્ણ તે થતા ॥
પદકમલે, મધુપ રળે ॥ સુરવર૦ ॥ ૧ ॥
આર્યભૂમિમાં, એવલા વિષે; વિજયરંગ છે, ચૈત્યમાં વસે ॥
આત્મવિજયના, દાસ વીનવે ભૃંગસમ બની ચરણ સંસ્તવે
અજિત પ્રભુ, શરણ વિભુ ॥ સુરવર૦ ॥ ૨ ॥

૬

(ઇંદ્રસભા)

ચલો મિત્ર સહુ સંઘ મળીને જિનદર્શનને આજ ॥
વામાનંદન દર્શન લેતાં સરસે વંછિત કાજ ॥ ધૃ૦ ॥

ફણિધરપૂજીત ગુણગણુ ભૂષિત શ્રીતીર્થંકર દેવ ॥
સુરનરવંદિત સુગુણસુખંડિત ભક્તિ કરો તતખેવ ॥
ચલો૦ ॥ ૧ ॥
ઉપશમ વરરસ ઘટ ઘટ પીવો તન્મય ચિત્ત બનાવો ॥
આત્મરમણ જિનદેવ પ્રશંસી જિનધર્મે દિલ લાવો
॥ ચલો૦ ॥ ૨ ॥
જીનશાસનસરમાંહે હંસ જીમ ક્ષીર નીરગુણ જાણો ॥
જ્ઞાનકમલ વિકસિત દેખીને લુબ્ધભ્રમરગુણ આણો
॥ ચલો૦ ॥ ૩ ॥
વિજયાનંદ સૂરિ પયપંકજ જોડી કરયુગ ભાવે ॥
નગર એવલા વિષે ભક્તિગુણ બાલ ચિત્તમાં લાવે
॥ ચલો૦ ॥ ૪ ॥

૭

(હા ઋતુ ગ્રીષ્મ કીં પ્રખર-)

કંદર્પદર્પ દલનાર અકલ અવિનાશી ॥ અકલ૦ ॥
ત્રૈલોક્યનાથ નિર્ગ્રંથ પંથ શિવવાસી ॥ ધ્રૃ૦ ॥
ભય શોક મોહરજ મરૂત અલખ સુખકારી ॥ અલખ૦ ॥
સંયમી શુદ્ધ અસ્ખલિત પ્રણુત નરનારી ॥
દર્શન તપ સંયમ જ્ઞાન સુધારસ ધારી ॥ સુધા૦ ॥
દેવેન્દ્ર અલેશી સાનુકંપ ઉપકારી ॥
ચાલ-નિજ આત્મ-તત્વરસ યોગી ॥ વંદના ॥
વત્સલ અઘ સેવક માલા ॥ નંદના ॥
તવ ચરણકમલ પદમાલા ॥ સુરચના ॥
કર માન્ય દાસ તવ બાલ તાર અઘરાશી ॥ તાર૦ ॥
ત્રૈલોક્ય નાથ નિર્ગ્રંથ પંથ શિવવાસી ॥ કંદર્પ૦ ॥

૮

(આ અરજી અરજિનવરજી)

અનુપમ જિનપદની સેવા (બે વાર)
કલહંસ, વિભૂ અવતંસ, કરો અઘ ધ્વંસ, દાસને દેવા ॥
॥ અનુ૦ ॥ ૧

સંભવ જિનવર કુમતિ કલાહર ચરણકમલ પ્રભુ આપ ॥
અનુપમેય ગુણસત્વ સુધારસ ઈંદુ વદન જિનરાજ દાસને
દેવા ॥ અનુ૦ ॥ ૨

સકલ કલા ગુણ જાણ પ્રભુજી કેમ અવેદી આપ ॥
આતમરાયા સેવક શોધે તત્વરમણ થઇ તેહ દાસને દેવા
॥ અનુ૦ ॥ ૩

૯

(થયો છે રે અમ સફલ દિવસ જીન-)

થયોછે રે દિનકર સુખકારણ ઉદય ભવિક આજે ॥
॥ સુખકર ઉદય૦ ॥

રસસ્યાદ્વાદે પૂરિત અવિકલ ધર્મ વિમલ જીનરાજ ॥
॥ આહાં રસ૦ ॥

સુખકારી, બહુવારી, અવિકારી, દિલધારી, બહુ દિલભર
ઘટઘટપ્રાશન બહુવિધ કરવા દિલ ચાહે ॥ બહુ૦ ॥ ૧

અભિનવ મદધર મધુકર ભવિકા લોલુપ ચિત્ત બનાય ॥
॥ અભિ૦ ॥

અતિછંદે, દિલરંગે, ચિરનંદે, આનંદે, મુનિ હંસ જિહાં
સુખ પામે શુભ તત્વ કમલ દિલ મોહે ॥ મુનિ૦ ॥ ૨

જીનદર્શન વિજયાનંદેથી મત્ત થઈ બહુ ભાત ॥ જિન૦ ॥

જીનચરણે, ભવતરણે, સુખકરણે, શુભવયણે, લોલુપ થઈ
ગુંજારવ ગાયન ઉચ્ચરતા દિલ મોદ વહે ॥ લોલુ૦ ॥ ૩

૧૦

(જખકે કલંદર બન બન-)

સુવિધિ જીનંદા ધન્ય મુનિંદા કિંકર તવપદ સેવે છે ॥
વદન સુચંદા ધર્મ નરિંદા દાસ પ્રભૂ મુખ પેખે રે ॥
પ્રભુ નરવર દિનકર ગુણગણવાન (૨)
સુરતરૂ ભવિ સકલ અકલ બલવાન,
કરે આનંદ વિજયના ભૃત્ય ગુણ ગાન ॥ પ્રભુનરવર ૦ ॥
॥ સુવિધિ૦ ॥

૧૧

સદુપદેશ.

(પરમ સુવાસિક પુષ્પે-)

વિજય વીરનો ગાવા જઇએ ભક્તિરંગ દિલ પ્રેમ ધરી
નીતિતત્વ વળી ધર્મસુધાને, ઉજ્વલતા લાવો સારી ॥
॥ વિજય૦ ॥ ૧
સભા ભરાવી વાદ ચલાવી, જૈનધર્મ જય ઉચ્ચારી ॥
દોષ સુધારી સત્વ વધારી શ્રાવક કુલનું નામ ધરી ॥
॥ વિજય૦ ॥ ૨
રીતો ભાતો ઉલટી ચાલે ધર્મવિનાની બહુ ન્યારી ॥
તેને ભાગી બીજી ઘડવી, ધર્મયુક્ત વળી શુદ્ધ ખરી ॥
॥ વિજય૦ ॥ ૩
આત્મારામ મહામુનિ કેરો, સદુપદેશ દિલ નિત્ય ધરી ॥
તત્પદપંકજ સેવન કરતા, વીતરાગ જીનભક્તિ વરી ॥
વિજય૦ ॥ ૪

૧૨

(શાંતિ જિનેશ્વર-)

ચંદ્રવદન જિનચંદ્ર પ્રભૂજી, કાંતિ ચંદ્રસમ ઉજ્વલ સુંદર ॥
મહાસેન કુલ ચંદ્ર બિરાજે, ભક્તકમલ દિલ જીવન શ-
શિવર ॥ ૧ ॥
અંતઃકરણ પખાળી અમારૂં, આપો મતિ પ્રભુ સુગુણ પુરંદર
આતમરામ ધરી દિલ સેવે, દાસ પ્રેમથી બાલ જીનેશ્વર ૨

૧૩

(હવે સમજ્યો છું-)

ચાલો ઉઠો બનો તૈયાર, જિનંદપદ નિત્ય નમોરે ॥
કરિ ધ્વંસ અસૂયા નાર ॥ જિનં૦ ॥ ૧ ॥
તજી કલેશ જુગુપ્સા આવાર ॥ જિનં૦ ॥
બહુ દોષ ભર્યા જે ચોર ॥ જિનં૦ ॥ ૨ ॥
તસ ઘાત કરો થઇ વીર ॥ જિનં૦ ॥
બહુ ધર્મ વિરૂદ્ધ આચાર ॥ જિનં૦ ॥ ૩ ॥
શુભ ધર્મ કરોને પ્રસાર ॥ જિનં૦ ॥
નમી આનંદ વિજય આધાર ॥ જિનં૦ ॥ ૪ ॥

૧૪

(હું મદંગા લાવું કર-)

શ્રીપદ્મપ્રભૂ જીનરાજ ભજો, સહુ કલેશ તજો (૨)
સદા ભક્તિ ગુણગાન ભજો પ્રભુ (૨) સહુ કલેશ તજો. (૨)
સુમનાંજલિ જિન ચરણે અર્પું ॥
મોગર લાલ ગુલાલ સમર્પું ॥
કેશર ચંદન વાસિત સ્થાપું ॥
તંદુલ ઉજ્વલ વિધવિધ આપું ॥

શાંતાંત બનો જિનગાન ભણો, અરિ સર્વ હણો
(૨) ॥ સદા૦ ॥ શ્રીપદ્મ૦ ॥ ૧ ॥
સ્વસ્તિક ચાર ગતીનો સાધુ ॥
જ્ઞાનાદિક રત્નત્રય સાધુ ॥
શિદ્ધ શિલા જીન પાસે સાધુ ॥
ભવ સંસૃતિનો પાશજ રોધુ ॥
આનંદ ભજો, સુગુણેશ થજો, જય પદ્મ ભજો (૨)
॥ સદા૦ ॥ શ્રીપદ્મ૦ ॥ ૨ ॥

૧૫

(મેહેતાજીરે શું મહિમૂલ—)

શ્રી આદિપ્રભૂ ઋષભદેવ જીનરાયા,
કંચનવરણી જસ કાયા ॥
શિવરમણુ પ્રભૂ વિનતી એક છે ચરણે,
અમ સાહ્ય કરો અઘ હરણે ॥
ચાલ—અકલંક વિભૂ જીન દેવા,
તવ ભક્તિ કરૂં વળી સેવા ॥
આતમરાયાદાસ ભણે પ્રભુ પાયા ॥
ગુણ પ્રેમ ધરીને ગાયા ॥ ૧ ॥

૧૬

(રાગ—શંકરાભરણ.)

મને શાંતરસ જિન સદા પ્રેમ ભાવો ॥
સુજન દિલ ભજન તવ ભાવતા હો ॥ ધૃ૦ ॥
મંદ મુચકુંદ ચંપક અને કેતકી,
જાઈ જુઈ ગંધ નિશિકંદ સુખદા ॥
સુરભિ વર કુસુમ ચુલ વિવિધ મધુવર્ણના,
માલિકા કંઠજીન વિમલ સુખદા ॥

છંદ તવ નંદ આનંદ ગુણ ગાવતા,
સુમતિ-જીન ચરણરજ ભૃત્ય શ્રમદા ॥
સલિલ આ ભક્તિ તવ કમલપદમાં રચું,
એવલા નગરમાં બાલ દેવા ॥

૧૭ મુનિ આનંદવિજય સ્તુતિ.

(અનોપમ આજ છે-)

ચલો સહુ સાથ દર્શન જઇએ,
સહુ દિલ દોષ ઉજ્વલ કરિએ ॥
આનંદવિજય નમો સહુ ભાવે,
અકલ અમલ ગુણવાન તે નિત્ય નમિએ ॥
અમલ૦ ॥ ચલો૦ ॥ ૧ ॥

(સાખી.)

ઢુંઢકપટલ નિવારિને, પ્રગટ કરી નિજ તેજ;
સત્યધર્મ પ્રગટાવિયો, આણી દિલ બહુ હેજ ॥
શાસ્ત્ર સુમન આમોદ લહીને, વાત ગુણે સહુ દેશ જઇને;
પ્રગટ કરી સુખ આપતા સહુ ભાવે; કરી સુખ૦
॥ ચલો૦ ॥ ૨ ॥

(સાખી)

"દિનકર*" ગ્રંથ પ્રગટ કરી, તિમિર કરાવી દૂર;
સન્માર્ગે પ્રેર્યા બહુ, કરી બોધામૃત પૂર ॥
દાસ નમે તસ પ્રેમ ઉમંગે, ગાવો ગુણો મંગલીક પ્રસંગે;
નયર એવલા ભારતે ગુણ ગાઇએ ॥ એવલા૦ ચલો૦ ૩ ॥

૧૮

(જબકે કલંદર બનબન-)

સુંદર મંદિર રંજનકિન્નર શ્રી જીનચૈત્ય જુહારોને;

---

* અજ્ઞાનતિમિર ભાસ્કર.

નલિનીદલ સુમને પૂજીત જે આત્માધાર બનાવોને ॥
જિનવદન સદનગુણ રટણુ સદા,
જિનચરણકમલ નહીં તજીસ કદા ॥
પ્રભુ શિવરમણીરત કિમ છો સદા ॥
જિનવદન૦ ॥ સુંદર૦ ॥ ૧ ॥
હવે પ્રભુજીવિના તો નહીં રહ્યો છે આધાર,
આનંદ વિજયપદ સેવક વિચાર ॥
અઘતિમિરહરણ જિન ભૃત્ય સાધાર ॥
હવે પ્રભુ૦ ॥ સુંદર ॥ ૨ ॥

૧૯

(જુવો વિચારીને નૃપતિ)

સદા શુભધ્યાનરત થાઓ,
તજી કુવિચાર લ્યો લાહો ॥ સદા૦ ॥

(સાખી-)

પતિત બહુ આ જગતમાં, તેમાંનો હું એક;
ઇમ આણી મન ભાવના, તજ્યો દાસને છેક ॥
કહો કિમ સંભવે જીનથી,
દયાનિધિ નાથ જીનવરથી ॥ સદા૦ ॥ ૧ ॥

(સાખી-)

અથવા જાણી એકલો, બહુ અઘનો ભંડાર;
દાસ તજ્યો જે અવનિમાં, કલેશ સહે બહુ વાર ॥
સદા અવિકારમાં એવા,
વિકલ્પો સંભવે કેવા ॥ સદા૦ ॥ ૨ ॥

(સાખી-)

એ તો મુજ પાતકતણી, શ્રેણી જે બહુ દૂર;
તે નાખે ભવચક્રમાં, કિમ જોવું પ્રભુ નૂર ॥

વિજયાનંદપદ સેવી,
વદે ઈમિ દાસ મન ભાવી ॥ સદા ॥ ૩ ॥

૨૦

(બાપુ છોડ મને બાપુ-)

વિભુ સેવનથી (૨) અઘદલ સર્વ લુટવોરે ॥ ધૃ ॥
જાઈ જુઈ સેવંતિ મોગરા, લાલ ગુલાલજ લાવું ॥
ચંપક કેતકિ દમણો મરવો,
કુરબક સુમન મંગાવું ॥ વિભુ૦ ॥ ૧ ॥
મૃગમદ ચંદન ગંધ મનોહર, અગર દશાંગ બનાવું ॥
કર્પુર કુંકુમ બહુવિધ દ્રવ્યે,
જીન ચરણે રત થાવું ॥ વિભુ૦ ॥ ૨ ॥
નાના ફલ બહુ ભાત ભાતના, નૈવેદ્યાદિક લાવું ॥
આતમરાયાદાસ ભણે જીન,
ચરણકમલ રત થાવું ॥ વિભુ૦ ॥ ૩ ॥

૨૧

પૃથ્વીછંદ

જીનેંદ્રપદ સેવતા રત બનો જનો! ચૈત્યમાં
સુનીતિપથ આદરી વિજય લ્યો ભવારણ્યમાં।
સુશિક્ષણ લહી બનો પટુ સુધર્મમાં બાંધવો!
તજી અઘ કુરીતિઓ વિજય લોકમાં સાધવો ॥ ૧ ॥

૨૨

જીવ-પુદ્ગલ-વિનોદ.

(કરી લંગોટા ધેકનિ-)

જીવ-સત્ય તુજ બોલું પુદ્ગલ! મમ અંતર ખોલું ॥
તુજ સંગે મુજ સત્વજ બોળ્યું,

કર્મ તણું મુજ સાથે ટોળું,
મમસુખ કારણ તુજને પાળું,
હવે તુજ ઝાલું,
પણ સંગ પૂર્ણ તુજ બોલું ॥ સત્ય૦ ॥ ૧ ॥
પુદ્ગલ–નમું છું ભાઈ, મુજ સાથ છોડજે ભાઈ ॥
નિજ સુખ કારણ મુજને પાળ્યો,
રંગ ચંગમાં તું બહુ મ્હાલ્યો,
દુઃખનિધીમાં મુજને ઘાલ્યો,
કર્મ અજ્ઞાને, તવ પ્રેરિત હું છું ભાઈ ॥ નમું૦ ॥ ૨ ॥
જીવ–મિત્ર તવ સાથે, હું હવે રહું નહીં સત્યે ॥
સ્નાનાલંકારાદિક ઘાલ્યા,
સુખશય્યામાં નિત્યે મ્હાલ્યા,
ગંધયુક્ત બહુ દ્રવ્યો ચોળ્યા,
સૌખ્ય નહી હાથે,
કિમ રહું બોલ તુજ સાથે ॥ મિત્ર૦ ॥ ૩ ॥
પુદ્ગલ–બોલ તું આજે સહુ અનૃત તજી બહુ લાજે
મુજથી સંગ અનંતી વારે,
કર્યો લાજ કિમ નાવી ત્યારે,
હવે વ્યર્થ મુજ જાણે કાંરે,
સ્વાર્થના સાથે,
સહુ દુઃખ લાવિયું હાથે ॥ બોલ૦ ॥ ૪ ॥
જીવ–હવે તો લાગી મુજ પ્રીતિ સ્વાત્મમાં જાગી ॥
હે પુદ્ગલ! તું અશુભ જણાયો,
શુભ સ્યાદ્વાદ મને મુજ ભાવ્યો,
સમ્યકત્વાદિક રસ મુજ આવ્યો,

મિત્ર તુજ ત્યાગી,
હું થઈશ બ્રહ્મપદ રાગી ॥ હવે૦ ॥ ૫ ॥
પુદ્ગલ–ભાઈ કિમ થાશે, મુજ અન્ય નાથને પાસે॥
કાલ અનાદી તુજથી રમતા,
આનંદાદિક સુખમાં ભમતા,
સાધ્ય કરી છે આપે સમતા,
હવે તુજ થાસે, આનંદ મુક્તિપદ પાશે ॥ ભાઈ૦ ॥ ૬ ॥

૨૩

(બંઝારા)

સુખકંદ શાંતિ જીન દેવા, મુજ આપ નિત્ય પદસેવા ધ્રૃ૦
જ્ઞાનોપવને મુજ જાવું, બહુ કાવ્યસુમન મૃદુ લાવું ॥
જિનચરણદાસતા લેવા ॥ મુજ આપ૦ ॥ ૧ ॥
ચંદન મન ઘર્ષણ આપું, પાષાણ વિવેકજ સ્થાપું ॥
જિનભાલ તિલકને દેવા, ॥ મુજ૦ ॥ ૨ ॥
મુજ દોષ ધૂપને બાળું, પાવક તપ દીપ્તિ ઉજાળું ॥
તુજ ચરણવાસને લેવા ॥ મુજ૦ ॥ ૩ ॥
હું દીન હીન છું દેવા, આનંદ વિજયપદ સેવા
ગુણગાન નિત્ય રસ લેવા ॥ મુજ૦ ॥ ૪ ॥

૨૪

(ત્રિતાલી ચોપાઈ)

પ્રભુ અજિતનાથ જિનદેવા, જોડી કરદ્વય કરૂં સેવા ॥
તમે છો ગુણજ્ઞાનના ધામ, અમે અવગુણથી છે શામ ॥
॥ પ્રભુ૦ ॥ ૧ ॥
જગનાથ છો અંતરજામી, એક અર્જ કરૂં શિર નામી ॥
વિભુ ષડ્રિપુને તમે મારો, મન આણી અર્જ અમારો ॥
॥ પ્રભુ૦ ॥ ૨ ॥

અમે છે અવગુણુથી ભરિયા, તમે છો નીરાગી દરિયા ॥
આનંદવિજયપદસેવા, માગે તસ સેવક દેવા ॥ પ્ર૦ ॥ ૩ ॥

૨૫

(આજ આંગી બની-)

જિનરાજચરણુ ચિત્ત ધ્યાવ્યો ॥ શ્રી જિન૦ ॥ (૨) ॥ ૧ ॥
મંગલગીત ભવિકજન ગાવે, આતમ શુદ્ધ સ્વરૂપ બનાવે
તિમ નિજ ભાવ વધાવો ॥ ચરણુ૦ ॥ શ્રી જિન૦ ॥ ૨ ॥
જ્ઞાન ધ્યાન એક તાન મિલાવે, ગુણુગણુ મંદિર ગાન બનાવે
સુમતિ સુગતિ દિલ ભાવો ॥ ચરણુ૦ ॥ શ્રી જિન૦ ॥ ૩ ॥
કુલદીપક નહી પણુ જગ દીવો, સાધ્ય કર્યું સાધન તે ભાવો
વિજયાનંદ દિલ લાવો ॥ ચરણુ૦ ॥ શ્રી જિન૦ ॥ ૪ ॥

૨૬

(નેમ મારા છો દિલદાર)

મુજ પાસ તણો બહુ પ્રેમ, જિન વંદું (બે વાર) ॥
દિલભર સંગ થશે કિમ નેમ, પ્રેમ દુઃખ કહું મુજ કેમ
એ તો રાખે શિવથી પ્રેમ, જિન વંદું ॥ મુજ૦ ॥
વીતરાગ કરે કિમ પ્રેમ, ત્યાગી મહિલાને હેમ ॥
ધરી એક હૃદયમાં નેમ, આનંદવિજયપદ પ્રેમ ॥
॥ જિન વંદું ॥ મુજ૦ ॥

૨૭

(તારો તારોરે જિનંદા-)

ચાલો ચાલોરે સુમતિ સહુ ચાલોરે (બેવાર)
અવિરત, મુનિપદ, સેવા કરી, અઘ હરી, સુમતિ૦ ॥ ૧ ॥
સરસ્વતિ ભલિ હંસ સોહાવેરે ॥
કરધર, ગ્રંથવર, વાદ્ય ધરી, અઘ હરી, સુમતિ૦ ॥ ૨ ॥

તત્પદ સેવા બહુ ભાવેરે ॥
જીનવર, નરવર, પદ ધરી, અઘહરી, સુમતિ૦ ॥ ૩ ॥
મુનિ આત્મવિજયપદ સેવો રે ॥
સુખકર, કલરવ, નિત્ય કરી, અઘ હરી, સુમતિ૦ ॥ ૪ ॥

૨૮

દાંડિયાં રમવાનું સ્તવન

આજ મુજ મન થયું પુનિત જિન,
સર્વ ઉપાધી ટળી ગુરૂરાયા ॥ આજ૦ ॥ ૧ ॥
રોમાંચિત મુજ ગાત્ર જિનેશ્વર,
મંદાકિની જલ આજ મળ્યું જિન ॥ આજ૦ ॥
કુલ્યજલે કિમ પ્રેમ ને માયા,
મંગલમંડિત મંગલ શ્રી જિન ॥ આજ૦ ॥ ૩ ॥
આનંદ–દાસ સદા ગુણ ગાવે,
ભક્તિ ગાન બહુ તાન કરે જિન ॥ આજ૦ ॥ ૪ ॥

૨૯

(પ્યારી નવલલાડણી)

મુજ મન હર કિમ પ્રભુ લીનો (૨)
મુજ નહિં સૂઝે અન્ય વિલાસ, વ્યાપકતા પ્રભુ કીનો
॥ મુજ૦ ॥ ૧ ॥
અવ્યાપ્તિ તુજ વ્યાપ્તિ તથા જે, કિમ સંભવ ઈમિ યોગ તણો;
મુજ મન દીજે મુજને પાછું, આતમરાયા ગાન ભણો
॥ મુજ૦ ॥ ૨ ॥

૩૦

(મુનિ સુવ્રત ભગવાન–)

નમો સુમતિ જીનરાજ ભવિકજન નમો સુમતિ જીનરાજ ॥
ધરી ભાવ બહુમનમાય–અહોભાવ બહુ૦॥ભવિક૦ ॥ધ્રૂ૦॥

દીનદયાળ વિભૂ ગુણખાણી (૨)
સુગુણ પુરંદર શ્રી જીનરાયા,
તત્વરમણ પ્રભુ સુંદર પાયા,
વિમલ અખંડિત મોદ સોહાયા,
જ્ઞેયાજ્ઞેય સુબોધ રચાયા,
(ગદ્ય) બાંધવો! જીનેંદ્રપદને સેવો.
કલાઉદધિ તરણ ધરનાર—અહો કલા૦ ॥ ભવિક૦ ॥ ૧ ॥
ઉપશમરસયુત શ્રી જીનવાણી ॥ ૨ ॥
ભવિકકમળ સુવિકાશજ કારણ,
સુલભ તરંગ સુરંગજ બોધન,
કર્મ કરે સહુ ધ્વંસજ શોધન,
મુક્તિ વરે કરી કર્મજ રોધન,
(ગદ્ય) મિત્રજનો ! સદ્ધર્મનેજ આદરો.
ભજો મુક્તિરમણ જિનરાજ—અહો ભજો૦ ॥ ભવિ૦ ॥ ૨ ॥
નરપતિ સુરપતિ વંદન કારણ ॥ ૨ ॥
શ્રીમકરંદ અમોદ પ્રભુના,
છંદ પ્રશસ્તિ સુધા જીનજીના,
સેવક ગાયસુગાયન નાના,
વિજયાનંદ સુરીશ્વરજીના,
(ગદ્ય) સજ્જનો ! મિથ્યાત્વ સર્વ છોડો.
નમે બાલ ધરી બહુ પ્યાર—અહો નમે૦ ॥ ભવિ૦ ॥ ૩ ॥

૩૧

અભિનવ કવન સુમન મધુકર મન સેવતું ભાવે ॥
રસભર સુખકર દિલભર કુસુમે,
મોદ બહુ દિલ પ્રેમજ આવે,
શાંતિ કરી સુખભાજ, મુક્તિ બતાવજો ભાવે ॥ અભિ૦ ॥૧॥

એવંતી જિન પાસ સદાગમ,
મનહર સુખકર દેવજ ભાવે,
પ્રેમ ધરી મહારાજ, શાંતિ વધારજો આજે ॥ અભિ૦ ॥૨॥
વિજયાનંદ કમલ મધુકર મન,
કવન પ્રેમથી નિત્યજ ભાવે,
તારો સેવક આજ, કરશું વંદના આજે ॥ અભિ૦ ॥ ૩ ॥

૩૨

સદ્ગુણમંડિત જિનવર નમશું ધ્યાશું નિશિદિન ॥
સન્મતિ દાતા ગુરૂવરજી, વંદિત સુરગણુ નરવરજી ॥
પ્રેમાનંદે રત બહુ થાઓ એકતાન જીમ નરવરજી ॥
સસસૂર ગુણુ તાન સદાગમ, સ સ સારિગમ
પ પ પ મ ગ રિ સગરિ સરિ સ સ સ,
સારિગ, રિગમ, ગમપ, મધપ, પધની, ધનીસા
સાનિધ, નિધપ,ધપમ, પમગ, મગરી, સારિસા ॥સદ્ગુ૦॥

૩૩

આનંદે શ્રી જિનગુણુ ગાવા,
ચાલો સહુ સુખકાજ હો લાલ ॥ ધ્રૂ૦ ॥
નંદન કરશું પાપો આજે,
એવંતી દર્શનથી હો લાલ ॥ આનંદે૦ ॥ ૧ ॥
દમન કરી નિજ સર્વેંદ્રિયને,
પામશું સુખધામ હો લાલ ॥
વિમલકમલ જિનદેવ તણી બહુ,
ભક્તિ કરો ગુણુ ગેહ હો લાલ ॥ આનં૦ ॥૨॥
જય જય બોલો અંતર ખોલો,
જ્યોતિશું જ્યોત મિલાવો હો લાલ ॥

યત્ન કરો સચ્ચિદાનંદપદ,
  સેવા કરવા નિત્ય હો લાલ ॥ આનં૦ ॥ ૩ ॥
જૈનધર્મ જગદ્દીપક પ્રગટ્યો,
  તિમિર હરે સહુ સત્ય હો લાલ ॥
નય નિજ દિલમાં ધરી નિત્ય સહુ,
  દયાધર્મ અવિધારો હો લાલ ॥ આ૦ ॥ ૫ ॥
શાસ્ત્રાભ્યાસે સંસ્કૃત દિલ કરી,
  આત્મ વિકાસ વધારો હો લાલ ॥
લાલન કરજો આત્મવિજયપદ,
  ભૃંગ વિનંતિ ઉચારે હો લાલ ॥ આ૦ ॥ ૪ ॥

૩૪

નવપદસ્તવન.

અતિ મનહર છબી નવપદજીની (એવાર)
મુક્તિરમાપ્રિયનાથ સોહાવે—મનહર૦ ॥ અતિ૦ ॥

(સાખી-)

દ્વાદશ ગુણ યુત શ્રી વિભૂ, પૂજો પ્રેમે સાર;
સિદ્ધ શુદ્ધ ગુણગેહને, નમિએ વારંવાર ॥
કંચનવર્ણની આંગી સોહાવે,
ભવિજન ચિત્ત સદા નાણી—અતિ મનહર૦ ॥ ૧ ॥

(સાખી-)

આચારજ ઉવઝાયજી, જ્ઞાન રિદ્ધિભંડાર;
સાધુ મહાવ્રત પાળતા, જ્ઞાન શશી શૃંગાર ॥
દર્શન વીર્ય ઉલ્લાસ વધાવે,
મુક્તિપંથશ્રેણી જાણી—અતિ મનહર૦ ॥ ૨ ॥

(સાખી-)

આત્મજ્ઞાન પ્રગટ કરે, બહુ ચારિત્ર પંડૂર;
બાહ્યાભ્યંતર ભેદથી, તપ પ્રગટે અતિ નૂર ॥

વિજયાનંદ સૂરિપદ સેવક,
કવન રચે ગુણતાન બની–અતિ૦ ॥ ૩ ॥

૩૫

(મારો પાવન કરીએ–)

એવંતિ સુગુણ ગુણધામ ॥ ચાલો જઇએ વંદવારે ॥
એતો સાદિ અનંત અરિહંત ॥ ચાલો૦ ॥
ફણિધર પૂજીત ભગવંત ॥ ચાલો૦ ॥

(સાખી–)

મનહર મૂરતિ શોભતી, એવલા નગર મોઝાર;
લટકાળી શોભે અતી, ભવિ મનમોહનને સાર ॥ ચા૦ ॥ ૧ ॥

(સાખી–)

નાના રંગ સુગંધના, પૂષ્પે પૂજીત દેવ;
વંછિત આપી સુખકરે,
અતિ સુવિહિત કરો સેવ ॥ ચાલો૦ ॥ ૨ ॥

(સાખી–)

કેશર ચંદન ગંધથી, અર્ચિત શ્રી જિન દેવ;
વિજયાનંદસૂરિ તણા,
નમે સેવક તો નિત્યમેવ ॥ ચાલો૦ ॥ ૩ ॥

૩૬

(અબસુણો (૨) નાથ હમેરા)

તુમ નમો અજિત જીન રાયા, એવંતિ પાસ પદ પાયા ॥
અરિહંત બિના સબ માયા, અકલંક નાથ સોહાયા ॥
સંકલિત દોષસે સારે, સબ દૂર હોજાગે ખ્યારે,
ગાવો સબ છંદ, દૂર કર ફંદ, ગાત હૈ નંદ, શરણમે આ-
યા ॥ એવં૦ ॥ ૧ ॥

એ ભરત ક્ષેત્રમે સોહે, એવંતી નગર દિલ મોહે,
નમો એવંતિ, દૂર કર ભ્રાંતિ, દેત હૈ શાંતિ, તિહાં જિન-
રાયા ॥ એવં૦ ॥ ૨ ॥
પ્રાર્થના એક પદ તોરે, મુજ તાર ભવાબ્ધિ પ્યારે,
કહે આનંદ, વિજયપદનંદ, ગાત હૈ છંદ, નાથ વિભુરાયા
॥ એવંતિ૦ ॥ ૩ ॥

૩૭

(દેખી તારી વફાદારી)

મારા ચંદ્રપભુ પ્યારા, બહુ સત્વગુણે સારા (૨)
અરેહાં–રે–હાં–રે–આં–આં–આંરા ॥ મારા ચંદ્ર૦ ॥ ૧ ॥
પ્રભુ મુક્તિ રમણિના નાથ, જોડુ હું હાથ, કરો સનાથ
લાગુ પાય તમા–આં–આં–આં–આંરા ॥ મારા૦ ॥ ૨ ॥
ભાલચંદ્ર, પ્રભુ સુખકંદ, સચ્ચિદાનંદ, દૂર કર દંદ
ભયહર જિનમાં–આં–આં–આં–આંરા મારા૦ ॥ ૩ ॥
ચિદ્રૂપ ચિદંબર દેવ, આપ મુજ સેવ, મુક્તિ તતખેવ
મુક્તિ દે પ્યા–આં–આં–આં–આંરા ॥ મારા૦ ॥ ૪ ॥
આનંદવિજયપદભૃંગ, સેવે મકરંદ, શાંતિનો સંગ
મુક્તિ દે દા–આં–આં–આં–આંરા ॥ મારા૦ ॥ ૫ ॥

૩૮

(રાગ–માઢ.)

ચંદનસે જિન પૂજના ભરી કનક કચોરી,
કનક કચોરી, ભરી કનક કચોરી ॥ ચંદન૦ ॥
કેશર રંગ સુગંધ મિલાવો, અતિ શીતલ ગુણધારી–
ભરી૦ ॥ ૧ ॥
મૃગમદ બ્રાસજ મિશ્રણ લાવો, ચર્ચો અંગ પખાળી—
ભરી૦ ॥ ૨ ॥

અતિ મનોહર જિન અંગિ બનાવો, ભક્તિ ચિત્તમાં ધારી—ભરી૦ ॥ ૩ ॥
વિજયાનંદતણા સેવકને, આપો મુક્તિ સુ સારી–ભરી૦॥૪॥

૩૯

(અમન ચમન નમન-)

વદન કમલ સુમન સુમન સુમન પૂજના કરૂં ॥
કુસુમમાલ સિદ્ધ કરી જિનંદ ચરણ આદરૂં ॥
જિનંદકંઠમાં ઠવું, શાંતિ સૌખ્ય હું લહું ॥
વિવિધ વિવિધ રંગયુક્ત, ચિત્રકુસુમ સંચરૂં ॥ વદન૦॥૧॥
ચમક ચમક ચમક સોહે, પુષ્પગંધ દામના ॥
મોગરા ગુલાબ લાલ, પુષ્પમાલમાં ધરૂં ॥ વદન૦ ॥ ૨ ॥
જાઈ જુઈ સેવંતિ જાત, ભાત ભાત ગીત ગાત ॥
આનંદ વિજયભૃત્ય નિત્ય, બોલે શાંતિ આદરૂં ॥ વદન૦॥૩॥

૪૦

દાંડિયા રમવાનું સ્તવન.

(અભિનંદન અતિ-)

સુખભાજ સુવિધિ જિન રાજરે ॥ ગુણગણ ધારીરે ॥
છો અવિસંવાદ નિમિત્ત॥ કારણ શિવનારી રે ॥ સુખ૦॥૧॥
જે ક્ષીરોદધિ આસ્વાદરે ॥ પામ્યા સુમતી રે ॥
કિમ સરિતાજલ સુખ તાસ, લેશે સુમતીરે ॥ સુખ૦ ॥૨॥
તિમ તવ દર્શન સુખ લેઈરે, અન્ય ન ભાવેરે ॥
આનંદવિજય મુનિદાસ, શીશ નમાવે રે ॥ સુખ૦ ॥ ૩ ॥

૪૧

દાંડિયા રમવાનું સ્તવન.

(શું નટવર વસંત-)

સહુ સંઘ મળી બહુ પ્રેમ ધરી (બે વાર)
નિજ આત્મોન્નતિની આસ ધરી ॥ સહુ૦ ॥

સાખી.

ચામુંડા બહુ નીચ જે, અસિપાણી તે દેવ;
વ્યંતર ભૂત પિશાચ જે, છોડો સહુ તતખેવ ॥
માલા ગળે રૂંડ ધરતા મોટી,
નાના ભુજા વિકરાળ ઘણા ॥ સહુ૦ ॥ ૧ ॥

સાખી.

નિજ રામારત છે બહુ, ભસ્મ વિલેપિત અંગ;
યુદ્ધ કરે મત્સર બહુ, દિલ હોવે બહુ દંગ ॥
નાના દેવ વિશાલ, કાયા જેનીરે;
પશુ મુખ બહુ ક્રોધભંડાર સર્વ અજ્ઞાનીરે॥સહુ૦ ॥

સાખી.

અવિરત તીર્થંકર પ્રભુ, વીતરાગ જિન દેવ;
જગદાભરણ તજતા થયો, તેથી નાશ સદૈવ ॥
માટે હવે કુવિચાર તજીને,
ભજો સુધર્મ નિધાન સદા ॥ સહુ૦ ॥
સહુ છોડી શ્રીવિતરાગ સેવા ધારોરે;
આતમરાયા પદદાસ, વિનતી ભાવોરે ॥ સહુ૦ ॥

૪૨

(હોજી પાર્શ્વનાથ દીજે-)

શાંતિ સંગ શાંતિનાથ શાંતિ દીજીએ ॥
શાંતિરંગ પ્રેમદંગ સંગ કીજીએ ॥
સુરંગકું અનંગજાલ ભંગ કીજીએ ॥
ગુંજનાદ અલિ કીજીએ, છંદ સુધારસ પીજીએ ॥
શાંતિસંગ કીજીએ, જીનેંદ્રપાદ પૂજના,
વિજયાનંદ સુરીસેવા, લોલુપ દાસ મુગતિ દેવા ॥
જીનવર દેવ, અનંતી સેવ, આપ અક્ષય શાંતિને ॥ શાંતિ૦॥

ધરી પ્યાર મુજ તાર તુજગુણ નહીં પાર ॥
રહી માયા જાલમાંહે, મોહથી મેં કરચો પ્યાર ॥
થયો અરિ તે તો હવે, લાવી ક્રોધ, મોહ, સ્મર ॥
તુજ સમ નહીં કોઈ, હવે મુજ તારનાર ॥
ગાઇએ અમે છંદ, ધરી પ્રેમાનંદ,
અષ્ટ લાવીને ગંધ, પૂજીએ જીનંદ,
આનંદવિજયરજ કહે જિન તારો સહુ ॥ અનંત૦ ॥ ૩ ॥

૪૯

(અવરમદન અલબેલો—)

શિવમંદિરમાં રમતો, વાલો મારો ॥ ધ્રુ૦ ॥
શાંતિરમાથી સ્નેહ જે કરતો, એકતાન થઈ ભમતો ॥
વાલો૦ ॥ ૧ ॥
નાનાભવનો પ્રેમપાશ જે, તુજ કેમ હવે નથી ગમતો ॥
વાલો૦ ॥ ૨ ॥
પ્રીતિ કરે તે રાગી પ્રાણી, તૂં વીતરાગ મન ગમતો ॥
વાલો૦ ॥ ૩ ॥
કિમ લૌકિક પ્રીતીને માંડું, છું ભવઅટવીમાં ભમતો ॥
વાલો૦ ॥ ૪ ॥
વિજયાનંદપદસેવક વિનવે, જિનચરણે નિત્ય નમતો ॥
વાલો૦ ॥ ૫ ॥

૫૦

(વીરા વેશ્યાના યારી—)

વાસપુજ્ય અમારા, જિનવર પ્યારા, આપો સદા પદસેવ ॥
સ્યાદ્વાદ રસાળા, નય ઉજમાળા, જિનવર પ્યારા ॥ આ૦॥
શુદ્ધતત્વરસ પાન કરીને, મસ્ત બનો નિત્યમેવ ॥
ઇંદ્રિયદમને ક્રોધ કરોને, કરતાં જિનવર સેવ ॥
થઈ કર્મથી ન્યારા, સેવજો સારા, જિનવર પ્યારા ॥ આ૦ ૧

કામ વધો મુજ ઈશભજનમાં, સદ્ગુણનો વળી પ્રેમ ॥
ચંદનસમ ઉપકારી બનાવી, અંતર નિર્મળ હેમ ॥
વિજયાનંદ સારા, નમું છું મારા, જિનવર પ્યારા ॥ આ૦ ૨

૫૧

(શાને રડે છે તું સુંદરી-)

કોણ જગતમાં આધાર છે? જિનવરવિણ આજ ॥ ધ્રૃ૦ ॥
કર્મ કર્યા બહુ મોટકા, નવી રાખી લાજ ॥ કોણ૦ ॥ ૧॥
મદનવિલાસે હું રમ્યો, નહીં કીધો વિચાર ॥
લલચાણો બહુ કામથી, હવે કરૂં છું પોકાર ॥ કોણ૦ ॥૨॥
મોહમદિરા બહુ પીવતા, થયું ચિત્ત ખુવાર ॥
પ્રભુને મુખ બતલાવવા, નહીં દીસે આધાર ॥ કોણ૦ ૩
નરકનિગોદાદિક હવે, ભમવું મુજ નાથ ! ॥
માટે કૃપાનિધિ ! સાંભળો, કરો દાસનો સાથ ॥ કોણ૦ ૪
નીચ જગતમાં મમ સમો, નવી લાધે રાજ ॥
વિજયાનંદ અવલંબને, નમે સેવક આજ ॥ કોણ૦ ॥ ૫ ॥

૫૨

(ખુસીસે કાટ લે દિલદાર-)

કરો તુમ પ્રેમસે વાલમકું, મરદન ॥
ચંદન, મૃગમદ, કેશર, સંયુત હૈ ॥ કરો ખુબ કીચ ખુપબોદાર ॥ મરદન ॥ કરો તુમ૦ ॥ ૧ ॥
પ્રેમ ચષક સુરભીકા બનાયા હૈ ॥ અતર બીચમે સુગંધી સાર ॥ મરદન ॥ કરો તુમ૦ ॥ ૨ ॥
વિજયાનંદ નમન નિત્ય કરતે હૈ ॥ કરો અધકા સફાઈદાર મરદન ॥ કરો તુમ૦ ॥ ૩ ॥

૫૩

(માહું લગાડો તો મારા-)

નમો સમુદ્ર વિજય-સુત નેમિ જિનંદારે ॥
શરદપુનમ કેરા સોહે જીમ ચંદારે ॥
કુલદીપક સોહે ત્રિભુવન સાથરે ॥
શિવા દેવી પૂર્વરવિ પ્રસવ્યા છે નાથરે ॥ નમો૦ ॥૨॥
રાજીમતી અતિ રૂપવતી છે રસાળીરે ॥
તેને તજી ગયા નેમ શિવપથ ઝાલીરે ॥ નમો૦ ॥૩
શોક કરે દેવી બહુ, પણ અંતે જાણીરે ॥
આનંદ સેવક કહે, મુક્તિસુખ પામીરે ॥ નમો૦॥૪॥

૫૪

(ભલે લાલ તમાચો-)

ચાલો વીર દર્શન જઈને દિલમાં ભાવિએરે ॥
ત્રિસુલાનંદન દુરિત નિકંદન, સિદ્ધારથ કુલચંદ ॥
કેસરી લંછન જિનવર સોહે, કટે કર્મનો ફૂંદ ॥ચાલો૦ ॥૧॥
સમવસરણમાં આપ બિરાજો, વરસો અમૃતપૂર ॥
વિજયાનંદ તણા સેવકના, દુરિત થજો થજો સવિ દૂર ॥૨॥

૫૫

દીવાળીનાં સ્તવનો.

(જાત્રા નવાણું કરીએ-)

જિનમુખદર્શન લહીએ, ભવિકજન, જિનમુખ૦ ॥
દીવાળી સહુ પર્વમાં મોટી, વીરચરણ અનુસરીએ ॥
ભવિક૦ ॥ જિન૦ ॥ ૧ ॥
આસો કૃષ્ણ તિથિ દર્શ તણે દિન ઉત્તર નિશિ શુભ કહીયે
ભવિક૦ ॥ જિન૦ ॥ ૨ ॥

ત્રિસલાસુત તે દિવસે પામ્યા, અક્ષયપદ નિત્ય નમીએ ॥
ભવિક૦ ॥ જિન૦ ॥ ૩ ॥
ઇંદ્રાણી ગુણ ગાવે ભાવે, દર્શનને તસ જઇએ ॥ ભવિક૦ ॥
જિન૦ ॥ ૪ ॥
વિજયાનંદપદસેવક પભણે, દીપકોદ્યોત શુભ વહીએ
॥ ભવિક૦ ॥ જિન૦ ॥ ૫ ॥

પદ

(સિદ્ધાચલગિરી ભેટયારે-)

દીવાળી થઈ આજ રે, ચાલો દર્શન જઇએ ॥
સિદ્ધારથકુલચંદ બિરાજે, ભવિક કુમુદ વિકસંત ॥
દૂર કરે તમ કર્મ કલંકો, શુદ્ધ વિમલ ઈમ લહિએરે
॥ ચાલો૦ ॥ ૧ ॥

નિર્વાણે શ્રી વીરજી પોતા, ગૌતમ કેવલ જ્ઞાન ॥
આનંદોત્સવ ઘર ઘર હોવે, ભાવ સ્વચિત્તે લહિએરે
॥ ચાલો૦ ॥ ૨ ॥

સમવસરણ મહાવીર બિરાજે, દિનકર ઉપમા છાજે ॥
જ્ઞાનદિપક જગમાં પ્રગટાવે, સમકિત શોધીને લહિએરે
॥ ચાલો૦ ॥ ૩ ॥

મોક્ષ કલ્યાણુક વીરનું થાતાં, પ્રગટ થઈ દીવાળી ॥
જૈનધર્મ ગાજે જગમાંહે, શાસ્ત્રાભ્યાસને વહિએરે
॥ ચાલો૦ ॥ ૪ ॥

જૈનદિપક આનંદવિજયને, નમતા દિલ સુખવાધે ॥
તત્પદદાસ કહે દિલ ધારી, અરિહંતપદ નિત્ય લહિએરે
॥ ચાલો૦ ॥ ૫ ॥

૫૭

(આવો ગિરિ સિદ્ધાચલ જઈએ)

આવો જિનદર્શન સુખ લહિએ ॥ ધ્રૃ૦ ॥

દુરિતતિમિરને પરિહરિએ, પર્વ દિવાળી ગુણગાઇએ
॥ આવો૦ ॥ ૧ ॥

દીપોદ્યોત ઘરે કરિએ, જિન ભક્તી ગુણ ઉચ્ચરિએ ॥
વીરચરણ દર્શન જઈએ ॥ આવો૦ ॥ ૨ ॥

ગૌતમ કેવલ નિત્ય ગાઇએ, મોક્ષનિસરણીને પાઇએ ॥
વીરનમન નિત્ય આદરિએ ॥ આવો૦ ॥ ૩ ॥

ત્રણ ભુવન ઉદ્યોત લહિએ, જિનચરણે નિત્ય રત રહિએ ॥
શાંતિ સર્વ જીવે વહિએ ॥ આવો૦ ॥ ૪ ॥

વિજયાનંદતણા કહિએ, સેવક જ્ઞાનસુધા લહિએ ॥
કહે સુખશાંતીને અનુભવિએ ॥ આવો૦ ॥ ૫ ॥

૫૮

(મારે દીવાળી થઈ આજ-)

ચાલો ચાલો ને ભવિકા આજ, દીવાળી આવી ॥
જિનદર્શન ઓચ્છવ આજ, દીવાળી આવી ॥ ધ્રૃ૦ ॥

ઘર ઘર દીપક જ્યોતિ પ્રગટે, બહુવિધ મંગલ તૂરરે ॥
નરનારી મન હર્ષ ન માવે, ઘર ઘર ઓચ્છવ પૂર ॥ દી૦ ॥ ૧ ॥

ત્રિસલાનંદન મુગતી પોતા, પામી ભવનો પારરે ॥
અશ્વિન માસે વદ અમાસે, ઉત્તર રાત્રી સાર ॥ દી૦ ॥ ૨ ॥

પ્રભુ પામ્યા પ્રભુતાઈ આજે કર્મ કરી ચકચૂરરે ॥
હિયડે હર્ષ ન માવે આજે, સમતાનો અંકૂર ॥ દી૦ ॥ ૩ ॥

ગૌતમ પામ્યા કેવળ પદવી, મોહ દશા કરી દૂરરે ॥
સમતારંગી જિન પામ્યા છે, સુવિહિત શાંતિ સુનૂર
॥ દીવાળી૦ ॥ ૪ ॥

પભણે વિજયાનંદ નમીને, સેવક દિલ કરી પ્યારરે ॥
ભવિક કરો જિનભક્તિ નિત્યની, પામ્યો ભવજલ પાર
પ૮ ॥ દીવાળી૦ ॥ ૫॥

(વાલમ વેહેલારે આવજો-)

શ્રીસિદ્ધારથસુત વંદિએ, જેહ છે બાર ગુણવંતરે ॥
ચોત્રિસઅતિશયે શોભતા, શ્રીજીનવરસુખકંદરે ॥
॥ શ્રી૦ ॥ ૧ ॥

વીરપ્રભુ સાદિઅનંત છો, છો ચિદાનંદ ઘનસારરે ॥
એકલા કિમ પ્રભુ પરિવરયા, દાસની નવ કરી સારરે
॥ શ્રી૦ ॥ ૨ ॥

રવિ શશી કુણ તિહાં આવસે, કિમ તિહાં મોકલું પત્રરે ॥
સેવક વિનતી સાંભળો, કિમ ફરી આવું પ્રભુ તત્રરે
॥ શ્રી૦ ॥ ૩ ॥

શાસ્ત્ર સિદ્ધાંત વા ગુરૂમુખે, સાંભળું તુજ ગુણ લેશરે ॥
પણ મતી અજ્ઞ છે માહરી, કર્મ જડ છે મુજ કેડરે
॥ શ્રી૦ ॥ ૪ ॥

સદ્ગુરૂ ! તે કિમ છૂટસે, માર્ગ મુજ દાખવો કોઇરે ॥
જેહથી જલધિ સંસારનો, પાર પામું તતખેવરે
॥ શ્રી૦ ॥ ૫ ॥

નહીં શકે સુરગુરૂ પણ કહી, તુમ ગુણનો લવલેશરે ॥
ગજવર પણ કિમ પાડશે, દંતથી ગિરિવર શૃંગરે
॥ શ્રી૦ ॥ ૬ ॥

જગતહિતકાર છો તમે પ્રભૂ, વારજો મુજ દુઃખદંદરે ॥
બાહ્ય અભ્યંતર ગુણનિલા, છો પ્રભૂ સુગુણ ગુણવંતરે
॥ શ્રી૦ ॥ ૭ ॥

યક્ષ કિન્નર અને સુરપતિ, સારતા જિનતણી સેવરે ॥
એહવા નંદ ત્રિસલાતણા, સેવતાં મુક્તિ તતખેવરે
॥ શ્રી૦ ॥ ૮ ॥

પામિએ પૂર્વકૃત પુણ્યથી, શ્રી મહાવીરના દર્શરે ॥
કેસરી લંછને શોભતા, શોભતા ભવ્ય અઘ સ્પર્શરે
॥ શ્રી૦ ॥ ૯ ॥
મોદથી નમન જે આદરે, બાલચંદ પ્રેમથી પાયરે ॥
વીનતી દાસ પભણે સદા, તારજો મન મયા લાયરે
॥ શ્રી૦ ॥ ૧૦ ॥

૬૦
આરતી.

જયદેવ, જયદેવ, જય દેવાધિદેવા–પ્રભુ દેવાધિદેવા ॥
આરતિ કરૂં સારી, મંગલકારી થાવા ॥ જય૦ ॥ ૧ ॥
એવંતી પાસ જીનંદા, મૂર્તિ છે સુખકારી ॥ પ્રભુ મૂર્તિ૦ ॥
તેવિસમાં જિન પ્યારા, આપજો સુખસારા ॥ જય૦ ॥ ૨ ॥
મણિધર લંછન શોભે, આપો મુક્તિ તે નારિ ॥ આપો૦ ॥
ટાળો ભવજલ ફેરા, કર્મ કરો સહુ ન્યારા ॥ જય૦ ॥ ૩ ॥
આરતી ઉતારે તારી, શાંતિ આપતી જે સારી ॥ શાં૦ ॥
વિજયાનંદ સુરિંદા, સેવક વિનવે છે સારા ॥ જય૦ ॥ ૪ ॥

૬૧
મંગલદીપ.

મંગલદીપક આજ કરૂં, પ્રભુ મંગલદીપક આજ ॥
મંગલકારણ કરૂં પ્રભુ આરતિ, પ્રણમું શ્રી જીનરાજ
॥ હાંરે પ્રભુ૦ ॥
પાતક પુંજ કરી સહુ દૂરે, આપો અવિચલ વાસ ॥ હાંરે૦ ॥
સુરપતિ નાટક કરતા ગાવે, જિનગુણ ગાન રસાળ
॥ હાંરે પ્રભુ૦ ॥
વિજયાનંદતણા સેવક જે, માગે શિવપદ રાજ ॥ હાંરે૦ ॥

સમાપ્ત.

સદુપદેશ.

(વસંતતિલકા.)

આનંદકંદ જિનભક્તિ સદા કરીને
તેનાજ ધ્યાનરસમગ્ન બનો ફરીને;
તે શુદ્ધશાંત નિજ આત્મસ્વરૂપ જોઈ
અધ્યાત્મસાર સુવિચાર કરો વડાઈ ॥ ૧ ॥
નિઃસાર સંસૃતિ[1] વિષે બહુ મોહ ધારી
રાચો નહી સહુજ નશ્વર[2] ક્લેશકારી;
મોહાંધ નિત્ય થઇને બહુ દુઃખ સેવો
તેથી જિનેંદ્રપદ કેમ વરો ન મેવો ? ॥ ૨ ॥
ધર્મે રતિ[3] વિનય સેવન સત્યમાર્ગ
સાધૂસમાગમ સુવિજ્ઞ શુચિત્વ વર્ગ;
ગ્રંથાવલોકનરસે પ્રમુદિત્વ[4] નિત્ય
સંસાર કલ્પતરૂ કેમ ન થાય સત્ય ? ॥ ૩ ॥
એવા ઘણા સુગુણ પ્રાપ્ત કરો વિશેષે
તેથીજ દુસ્તર ભવાબ્ધિ તરો અશેષે;[5]
નિત્ય બનો વિમલ જ્ઞાનસુધા નિમગ્ન
બાલો કરો સુખદ જ્ઞાન થકીજ લગ્ન. ॥ ૪ ॥
પ્રત્યેક તત્વ લઈ પુખ્ત કરો વિચાર
સારૂં ગ્રહી પરિહરો કુવિચાર સાર;
કૂરીતિઓ નિજ સુધર્મ વિરૂદ્ધ જાણો
ધારોજ છો કિમ પછી તસ અંત નાણો ? ॥૫॥

---

૧ સંસાર. ૨ નાશવંત. ૩ પ્રીતિ. ૪ હર્ષિતપણું. ૫ સમસ્ત.

ઉત્સાહ નિત્ય નિજ કોમ સુધારવાનો
ધારો મને કરી વિચાર વધારવાનો
આપો સુશિક્ષણજ આર્યે સિમંતિનીને,
ધારી મને સુમતિને વિમલા કરીને. ॥ ૬ ॥

"આનંદવિજય જૈનશાળા."

(રાગ પ્રભાતિ.)

એવલાનગર એવંતિ સમ શોભતું,
જૈન ધર્મે જીહાં પ્રેમ મોટું ॥
પુણ્યયુત શ્રીયુત શ્રાવકો ત્યાં વસે,
ધર્મરંગી થયે પાપ નાઠું ॥ આંકણી ॥ ૧ ॥
જૈનધર્મે થયા ભાનુસમ દીપતા,
આતમારામ મુનિ જ્ઞાનમાળા ॥
સ્મરણ તે મુનિતણું રાખવા પ્રેમથી,
સ્થાપી આનંદવિજય જૈનશાળા ॥ એવલા૦ ॥
જ્ઞાનદીપક સદા પ્રગટ કરવા ભણી,
તિમિર અજ્ઞાન તે નાશ થાવા ॥
શુદ્ધ સ્યાદ્વાદ નયયુક્ત શ્રી જૈનનો
ધર્મ જગજન વિષે પ્રગટ થાવા ॥ એવલા૦ ॥ ૩ ॥
મુખ્ય શાળા વિષે માણકુભાઇ છે,
જે ઘણા ભક્તિયુત નિત્ય શોભે ॥
પ્રમુખપદ શોભતું રૂપચંદે કરી,
મંત્રિ પદમાં ચુનિલાલ શોભે ॥ એવલા૦ ॥

રાગ ગુણતાનમાં ભજન જિન આદરે,
જે હિરાચંદ આદીક શોભે ॥
અન્ય ચુનિલાલ મોતી અને ભક્તિથી,
ગાવતા રત્નલાલા સુશોભે ॥ એવલા૦ ॥ ૫ ॥
ખૂબચંદ પ્રમુખ અન્ય શ્રાવકજનો,
ભક્તિમાં લીન થાતાજ દીસે ॥
પ્રેમથી વિજય આનંદ પદ નમનથી,
દુખ સહુ જનતણાં દૂર નાસે ॥ એવલા૦ ॥ ૬॥

સમાપ્ત.